For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

લુણાવાડાના શિક્ષકે આઠ દુકાન માટે ચેક, RTGS અને રોકડથી નાણાં ચૂકવ્યા છતાં દસ્તાવેજો ન કરી આપ્યા

SP ઈન્ફ્રાના પાનસુરિયા બ્રધર્સ દ્વારા રૂ.૬.૬૬ કરોડની છેતરપિંડી

સંચાલક મહિલાની જાણ બહાર બાનાખત રદ કરી ખોટી સહીઓથી દસ્તાવેજો રજૂ કર્યાનો આરોપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
પાનસુરિયા બ્રધર્સની એસ.પી. ઈન્ફ્રા એન્ડ કંપનીના પાંચ ભાગીદારો સામે રૂ.6.66 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાતાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ચકચાર મચી છે. . ગોધરા નજીક પરવડી ગામે જય જલારામ સ્કૂલ ચલાવતા જલારામ એજ્યુકેશન ટ્રસ્ટનાં સંચાલક જ્યોતિકાબેન પટેલે હરણી લિંક રોડ પર આવેલી સિદ્ધેશ્વર પેરેડાઇઝ, સિદ્ધેશ્વર પેસિફિક અને સિદ્ધેશ્વર પ્રાઇમ પ્લસ કન્સ્ટ્રક્શન સાઇટમાં રોકાણ કર્યું હતું. આ દરમિયાન સિદ્ધેશ્વર પેરેડાઇઝના બે મલ્ટિપ્લેક્સ સ્ક્રીન અન્ય વ્યક્તિને વેચી દેવામાં આવ્યા હોવાનો અને તેના વેચાણના નાણાંમાંથી રૂ.2.19 કરોડથી વધુની રકમ બાકી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાકી રકમના બદલામાં સિદ્ધેશ્વર પ્રાઇમ પ્લસના છ ફ્લેટના બાનાખત કરી આપવામાં આવ્યા હતા. જોકે, તમામ નાણાકીય હિસાબો બાદ પણ જ્યોતિકાબેન પટેલના રૂ.6.66 કરોડથી વધુ લેવાના નીકળતા હોવાનો દાવો ફરિયાદમાં કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, તેમના નામે બાનાખત થયેલા ફ્લેટ નં.301નો તેમની જાણ બહાર રણજીત વક્ષરસિંગ જાડેજાને વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હોવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. બીજી તરફ સિદ્ધેશ્વર પેરેડાઇઝના ફ્લેટ ડી-704, શોપ નં.1 તથા સિદ્ધેશ્વર પેસિફિકના ફ્લેટ એ-1/304ના બાનાખત પણ જ્યોતિકાબેનની જાણ બહાર એકતરફી રદ કરી દેવામાં આવ્યા છે. આ માટે તેમની ખોટી સહીઓ કરીને બાનાખત રદ કરવાના લેખો વડોદરા-5 (બાપોદ) સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. આ સમગ્ર મામલે જલારામ એજ્યુકેશન ટ્રસ્ટનાં સંચાલક જ્યોતિકાબેન પટેલે એસ.પી. ઈન્ફ્રા એન્ડ કંપનીના પાંચ ભાગીદારો સુરેશભાઈ પાનસુરિયા, મનીષભાઈ પાનસુરિયા, પ્રવિણભાઈ પાનસુરિયા, કિશોરભાઈ પાનસુરિયા અને રવિભાઈ પાનસુરિયા સામે ફરિયાદ નોંધાવી છે. કરોડો રૂપિયાનું રોકાણ, આઠ મિલકતોના બાનાખત, ફ્લેટના વેચાણ અને મહિલાની કથિત ખોટી સહીઓથી દસ્તાવેજો રદ કરવાના પગલે હવે પોલીસ તપાસમાં સમગ્ર નાણાકીય વ્યવહાર અને દસ્તાવેજોની ખરાઈમાં શું બહાર આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

બીજી તરફ હરણી-સમા લિંક રોડ પર આવેલી શ્રી સિદ્ધેશ્વર પેરેડાઇઝ અને શ્રી સિદ્ધેશ્વર પેસિફિક કન્સ્ટ્રક્શન સાઇટમાં આઠ મિલકતો ખરીદવા પેટે રૂ.3.32 કરોડ ચૂકવવા છતાં વેચાણ દસ્તાવેજો નહીં કરી આપી છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ હરણી પોલીસ મથકે નોંધાઈ છે. મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ચંદ્રપુર ગામે રહેતા 50 વર્ષીય ચંદ્રકાંતભાઈ ભુલાભાઈ પટેલ ગોધરા તાલુકાના ગોઠડા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત તેઓ ચંદ્રપુર ગામે વડીલોપાર્જિત ખેતીની જમીનમાં ખેતી પણ કરે છે. ચંદ્રકાંતભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, એસ.પી. ઈન્ફ્રા કંપનીના ભાગીદારો સુરેશભાઈ, મનીષભાઈ, પ્રવીણભાઈ, કિશોરભાઈ પાનસુરિયા અને રવિભાઈ પાનસુરિયાને વર્ષ 2021થી 2025 દરમિયાન આઠ મિલકતો માટે ચેક, RTGS અને રોકડથી રૂ.3.32 કરોડ ચૂકવ્યા હતા. તેમ છતાં દુકાનોના વેચાણ દસ્તાવેજો કરી આપ્યા નહોતા કે નાણાં પરત કર્યા નહોતા. વધુમાં સિદ્ધેશ્વર પેરેડાઇઝના પાંચમા માળે આવેલી દુકાન નં.1ના બાનાખતમાં ફરિયાદીની ખોટી સહી કરી બાનાખત રદ કરાવી અન્ય વ્યક્તિને વેચી દેવામાં આવી હોવાનો પણ આક્ષેપ છે.

ડ્રેનેજ લાઇનના કામ મુદ્દે વડોદરામાં હાઇવોલ્ટેજ ડ્રામા

કોર્પોરેટર અને પાલિકા કર્મચારીઓ વચ્ચે મારામારી બાદ અંતે સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
ખોડીયાર નગર નજીક આવેલા રામદેવ નગર વિસ્તારમાં સ્થળ તપાસ દરમિયાન વોર્ડ નંબર-૪ના ભાજપના કોર્પોરેટર મયુર ચોવટીયા અને વરસાદી ગટર વિભાગના કર્મચારીઓ વચ્ચે થયેલી છૂટા હાથની મારામારી અને લાફાલાફીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. રામદેવ નગર વિસ્તારમાં ચાલી રહેલા વરસાદી ગટર અને ડ્રેનેજ લાઇનના કામને લઈને બપોરના સમયે કોર્પોરેટર મયુર ચોવટીયા અને વરસાદી ગટર વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. આ દરમિયાન કામની ગુણવત્તા અને અન્ય મુદ્દાઓને લઈને બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.



જોતજોતામાં મામલો એટલો બિચક્યો કે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું અને કોર્પોરેટર તથા કર્મચારીઓ વચ્ચે છૂટા હાથની મારામારી થઈ ગઈ હતી. કોર્પોરેટર મયુર ચોવટીયાને માર પડ્યો હોવાનો દાવો કરતો વીડિયો પણ વાયરલ થતાં રાજકારણ ગરમાયું હતું. ઘટના બાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષો સામસામે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. મેયર કચેરી ખાતે મેયર ગીતા મકવાણા અને દંડક વિજય ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં એક ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કોર્પોરેટર મયુર ચોવટીયાએ મેયર અને દંડક સમક્ષ પોતાની હાજરીમાં ઘટેલી ઘટનાની વિગતવાર રજૂઆત કરી હતી. ત્યારબાદ મેયર ગીતા મકવાણા દ્વારા એડિશનલ સિટી એન્જિનિયર ધાર્મિક દવે, કાર્યપાલક ઈજનેર વસંત સિંઘલ તેમજ અન્ય ડેપ્યુટી અને આસિસ્ટન્ટ ઈજનેરો સાથે અલગથી બેઠક યોજીને બંને પક્ષોની રજૂઆતો સાંભળવામાં આવી હતી. અંતે વહીવટી તંત્ર અને પક્ષના મોભીઓની મધ્યસ્થીથી બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીએ વિડીયો બનાવી મામલો ઉજાગર કર્યો

MSUમાં ફરી અશ્લીલ હરકતોની ઘટના વાયરલ, શિસ્ત-સુરક્ષાના લિરેલીરા ઉડ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.2
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કેમ્પસમાં અ શોભનીય હરકતો કરાતી હોવાનો મામલો સામે આવ્યો છે. કથિત અશ્લીલ હરકતોની ઘટના અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પોતાના મોબાઈલમાં કેદ કરી ઉજાગર કરવામાં આવી છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પરિસરમાં એક વિદ્યાર્થી કપલની કથિત અશોભનીય હરકતો સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ એમ.એસ.યુનિવર્સીટી કેમ્પસ સાથે જોડાયેલા આવા વીડિયો વાયરલ થઈ ચૂક્યા છે. વારંવાર આવી ઘટનાઓ સામે આવતા યુનિવર્સિટીની શિસ્ત, દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. જોકે આ વાયરલ વીડિયો ક્યારનો છે, કયા ફેકલ્ટી



કે સ્થળનો છે અને તેમાં દેખાતા વિદ્યાર્થી ખરેખર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે કે કેમ, તે અંગે હજુ કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. વીડિયોની સત્યતા અંગે તપાસ જરૂરી બની છે. આ સમગ્ર મામલે યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા પણ તપાસ હાથધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ વીડિયો સામે આવ્યા બાદ વિદ્યાર્થીઓની ગોપનીયતા જળવાય અને કેમ્પસનું વાતાવરણ શૈક્ષણિક રહે તે માટે યોગ્ય કાર્યવાહીની પણ માંગ ઉઠી છે.

નીમકરોલી બાબાના કૈંચીધામ જતા ભક્તો માટે સુવિધા

લાલકુંઆ સુધીની સાપ્તાહિક ટ્રેનનું હવે વડોદરામાં સ્ટોપેજ

ટ્રેન નં. 09129નું બુકિંગ તા.3 નવેમ્બરથી શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
યાત્રીઓની વધતી માંગ અને વધારાની ભીડને નિયંત્રિત કરવા પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણ-લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણા દ્વારા જણાવ્યા મુજબ, ટ્રેન નં. 09129 ઉત્રાણ-લાલકુઆં સ્પેશિયલ દર ગુરુવારે ઉત્રાણથી બપોરે 3.00 વાગ્યે ઉપડી બીજા દિવસે બપોરે 4.10 વાગ્યે લાલકુઆં પહોંચશે.

આ ટ્રેન 5 અને 12 નવેમ્બરે દોડશે. પરતમાં ટ્રેન નં. 09130 લાલકુઆં-ઉત્રાણ સ્પેશિયલ દર શુક્રવારે રાત્રે 10.00 વાગ્યે લાલકુઆંથી ઉપડી બીજા દિવસે રાત્રે 10.15 વાગ્યે ઉત્રાણ પહોંચશે, જે 6 અને 13 નવેમ્બરે દોડશે.

આ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર સહિતના સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર અને જનરલ કોચ રહેશે. ટ્રેન નં. 09129નું બુકિંગ તા.3 નવેમ્બરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. નોંધનીય છે કે, નીમ કરોલી બાબાના પ્રખ્યાત કૈંચી ધામ આશ્રમ જવા માટે લાલકુઆ જંક્શન સૌથી નજીકનું મહત્વનું રેલવે સ્ટેશન છે. અહીંથી કૈંચી ધામ આશ્રમ આશરે 50 થી 55 કિલોમીટર દૂર આવેલો છે, ત્યારે આ યાત્રાધામ જતા શ્રદ્ધાળુઓ માટે આ સ્પેશિયલ ટ્રેન આશીર્વાદરૂપ બની રહેશે.

લોકશાહીના ઢાંચાની ઘોર ઉપેક્ષા કરવામાં આવી

વડોદરા મહાનગરપાલિકામાં ૩૦ વર્ષથી વોર્ડ સમિતિઓ અદ્ધરતાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
વડોદરા મહાનગરપાલિકામાં છેલ્લા ત્રણ દાયકા એટલે કે ૩૦ વર્ષથી વોર્ડ સમિતિઓની રચના કરવામાં આવી ન હોવાનો ગંભીર મુદ્દો સપાટી પર આવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નાગરિકોની ભાગીદારી અને વિસ્તારના સ્થાનિક પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે વોર્ડ સમિતિની રચના કરવી કાયદાકીય રીતે જરૂરી છે, છતાં પણ પાલિકા તંત્ર દ્વારા આ નિયમનો અમલ કરવામાં આવ્યો નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા આગામી ૩૦ દિવસની અંદર વોર્ડ સમિતિઓની ત્વરિત રચના કરવામાં આવે તેવી સખત માગણી ઉઠાવવામાં આવી છે. ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ દરેક મહાનગરપાલિકામાં સ્થાનિક કક્ષાએ વહીવટ સુચારુ રૂપે ચાલે તે માટે વોર્ડ સમિતિઓની રચના કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. વોર્ડ સમિતિના માધ્યમથી સ્થાનિક નાગરિકો, સામાજિક કાર્યકરો અને પ્રતિનિધિઓ પોતાના વિસ્તારના પીવાના પાણી, રસ્તા, ગટર અને સફાઈ જેવા પ્રાથમિક પ્રશ્નોને સીધા રજૂ કરી શકે છે અને તેનો ત્વરિત ઉકેલ મેળવી શકે છે.



વડોદરામાં છેલ્લા ૩૦ વર્ષથી આ સમિતિઓ કાગળ પર જ રહેતા લોકશાહીના મૂળભૂત ઢાંચાનું અનાદર થઈ રહ્યું હોવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે. આ મુદ્દે રજૂઆત કરનારાઓનું કહેવું છે કે વોર્ડ સમિતિની રચના ન થવાના કારણે સ્થાનિક નાગરિકોને પોતાની નાની-મોટી સમસ્યાઓ માટે પણ કોર્પોરેશનની મુખ્ય કચેરી કે અધિકારીઓના ધક્કા ખાવા પડે છે. સત્તાધીશો અને તંત્રની ઉદાસીનતાને કારણે પ્રજાના અવાજને યોગ્ય મંચ મળી રહ્યો નથી. આ સંજોગોમાં પાલિકા વહીવટી તંત્ર અને શાસકોને સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો આગામી ૩૦ દિવસમાં વોર્ડ સમિતિઓની રચના કરવાની કાર્યવાહી શરૂ કરવામાં નહીં આવે, તો આ મામલે કાયદાકીય લડત અને ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે.

પિતાની જાણ બહાર જીપે શરૂ કરી દીધુ

દીકરી-જમાઈએ રૂ.૮.૪૧ લાખ સગેવગે કરતાં ચકચાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
વડોદરાના સિંધવાઈ માતા રોડ પર આવેલા ક્રિષ્ના ફ્લેટમાં રહેતા ગોપાલભાઈ માળી ONGCના ડીઝલ વર્કશોપમાંથી વર્ષ 2018માં નિવૃત્ત થયા હતા. તેમની SBI અને કોટક મહિન્દ્રા બેંકમાં બચત હતી. આ ઉપરાંત, ત્રણેય દીકરીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેમણે ફ્યુચર જનરલી લાઈફ ઈન્શ્યોરન્સની અલગ-અલગ પોલિસી પણ કરાવી હતી, જેમાં ત્રણ વર્ષ દરમિયાન રૂ.18 લાખ જમા કરાવ્યા હતા.
પિતાના બેંક ખાતાં અને વીમા પોલિસીની વિગતો જાણતી મોટી પુત્રી રેખાબેન અને તેમના પતિ જીગ્નેશભાઈએ પિતાની જાણ બહાર તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઈન્ડિયન ઓવરસીઝ બેંકની દાંડિયા બજાર શાખામાં ખાતું ખોલાવ્યું હતું. ત્યારબાદ પિતાના મોબાઈલ નંબર સાથે જોડાયેલા બેંક ખાતાનો ઉપયોગ કરી ગુગલ-પે મારફતે SBI ખાતામાંથી રૂ.1.78 લાખ અને કોટક મહિન્દ્રા બેંકમાંથી રૂ.35 હજાર ટ્રાન્સફર કર્યા હોવાનો આક્ષેપ છે. બીજી તરફ, ત્રણેય બહેનોના નામે ઉતરાવેલી વીમા પોલિસીમાંથી અલગ-અલગ સમયે રૂ.6.28 લાખની રકમ પણ ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આમ, બેંક ખાતાં અને વીમા પોલિસી મળીને રૂ.8.41 લાખની રકમ સગેવગે કરવામાં આવી હતી. મોટી પુત્રી અને જમાઈએ ભેગા મળીને રૂ.8.41 લાખ સગેવગે કરતાં આખરે નાની પુત્રી પ્રીતિબેને મોટી બહેન રેખાબેન અને બનેવી જીગ્નેશભાઈ સામે ફરિયાદ નોંધાવી છે.

તહેવારો ટાણે વડોદરામાં ફૂડ સેફ્ટીની કડક કાર્યવાહી

ખંડેરાવ માર્કેટમાં શ્રી કેટરર્સને ત્યાં તપાસ નમૂના લેવાયા, રિપોર્ટ દીવાળી પછી આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
દિવાળીના રોશનીભર્યા તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરના નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા સંપૂર્ણ રીતે એક્શન મોડમાં આવી ગઈ છે. તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણમાં થતી ભેળસેળ અટકાવવા અને લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે પાલિકા દ્વારા શહેરભરમાં વ્યાપક ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.
આ કામગીરીને સુચારુ રૂપે પાર પાડવા માટે ફૂડ વિભાગ દ્વારા ખાસ ચાર અલગ-અલગ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મીઠાઈ, ફરસાણ અને ખાદ્ય ચીજવસ્તુઓની દુકાનો તથા કેટરિંગ ઉત્પાદન એકમો પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસની આ ઝુંબેશ દરમિયાન શહેરના પ્રખ્યાત ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં આવેલ 'શ્રી કેટરર્સ'ના ઉત્પાદન સ્થળ અને દુકાન પર પણ ફૂડ ટીમે દરોડો પાડ્યો હતો. ત્યાં હાથ ધરાયેલી બારીક તપાસ બાદ શંકાસ્પદ લાગતા સાહી ગુલાબ પાક, કાજુ અંજીર રોલ સહિત વિવિધ લોકપ્રિય મીઠાઈઓ



અને તળેલા ફરસાણના નમૂનાઓ કાયદાકીય જોગવાઈઓ મુજબ સરકારી સીલ લગાવીને કબજે કરવામાં આવ્યા હતા. દિવાળી જેવા મોટા તહેવારોમાં મીઠાઈઓ અને તળેલા પદાર્થોનો ઉપાડ અતિશય વધી જતો હોવાથી વેપારીઓ દ્વારા હલકી ગુણવત્તાવાળા કાચા માલનો ઉપ યોગ કે ભેળસેળ કરવાની શક્યતાઓ વધી જતી હોય છે. આ બાબતને ગંભીરતાથી લઈને પાલિકાના તંત્રે આ આકસ્મિક તપાસ કરી છે. લેવામાં આવેલા તમામ ખાદ્ય પદાર્થોના નમૂનાઓને પૃથ્થકરણ અને ગુણવત્તા ચકાસણી અર્થે પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

બાળકી પર દુષ્કર્મ ગુજારનારા આરોપીનું હાર્ટ એટેકથી મોત

વડોદરાઃ ભરૂચ જિલ્લાના ઝઘડિયા GIDC વિસ્તારમાં 10 વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરવાના ચકચારી કેસના દોષિત



વિજય પાસવાનનું વડોદરા સેન્ટ્રલ જેલમાં મોત નીપજ્યું છે. જઘન્ય ગુનામાં કોર્ટે વિજય પાસવાનને ફાંસીની સજા ફટકારી હતી. ડિસેમ્બર 2024માં બનેલી આ ઘટનામાં દુષ્કર્મ દરમિયાન બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ કેસને ગુજરાતના નિર્ભયા કાંડ તરીકે ઓળખવામાં આવ્યો હતો. દરમિયાન 30 ઓક્ટોબરે અચાનક છાતીમાં દુખાવો ઉપડતાં તેને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાર્ટ એટેકથી તેનું મોત નીપજ્યું હતું.

રફતારે વધુ એકનો જીવ લીધો

મંજુસર પાસે બાઈકે સાઈકલ સવાર વૃદ્ધને હવામાં ફંગોળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.2
વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસરથી કુનપાડ જવાના માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈથી દોડતી મોટરસાઇકલે સાઇકલ સવાર વૃદ્ધને અડફેટે લેતાં તેમનું મોત નીપજ્યું હતું. કેમકોન કંપનીથી આગળ આવેલી પાણીની નાની કેનાલ પાસે સર્જાયેલા આ અકસ્માતમાં 75 વર્ષીય ભારતસિંહ વાઘેલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્રે મંજુસર પોલીસ મથકમાં ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મંજુસર ગામના ગરાસિયા વગામાં રહેતા ભારતસિંહ નારસિંહ વાઘેલા (ઉં.વ.75) તા.31 ઓક્ટોબરની રાત્રે સાઇકલ લઈને મંજુસરથી કુનપાડ તરફ જતા હતા. દરમિયાન રાત્રે આશરે 9:15 વાગ્યાના અરસામાં કેમકોન કંપનીથી આગળ પાણીની નાની કેનાલ પાસે મોટરસાઇકલના ચાલક યશરાજ ઠાકોરભાઈ સોલંકી (રહે. સિસોદિયાપુરા, નવીનગરી, તા.સાવલી)એ પૂરઝડપે અને બેફિકરાઈથી મોટરસાઇકલ હંકારી લાવી વૃદ્ધની સાઇકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્મતમાં ભારતસિંહને માથાના જમણી બાજુ ગંભીર ઈજા થઈ હતી, જ્યારે જમણા ગાલ અને ડાબી આંખ ઉપર પણ ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓના કારણે તેમનું મોત નીપજ્યું હતું.
બનાવ અંગે તેમના પુત્ર અજીતભાઈ વાઘેલાએ તા.1 નવેમ્બરના રોજ મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મોટરસાઇકલ ચાલક યશરાજ સોલંકી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૭ દિવસમાં ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

ગુજરાત હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં ABVPનો ફી વધારા સહિતના મુદ્દે વિરોધ

ગર્લ્સ હોસ્ટેલમાં ભોજન, પીવાના પાણી અને સ્વચ્છતાની સુવિધાઓ સુધારવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2
સાવલી હોમિયોપેથીક મેડિકલ કોલેજમાં ફી વધારા અને અવ્યવસ્થાને લઈને એબીવીપી દ્વારા આક્રમક વિરોધ કરી કોલેજ મેનેજમેન્ટને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. એબીવીપીના ગુજરાત પ્રદેશ સહ-મંત્રી જયદીપસિંહ ગોહિલની આગેવાનીમાં વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી કે કોલેજ દ્વારા એક જ વર્ષમાં આશરે રૂ. 60,000 જેટલો તોતિંગ ફી વધારો કરાયો છે, જે એફઆરસીના ધારાધોરણ મુજબ જ વસૂલવામાં આવે તેવી માંગ છે. સાથે જ સરકારી પરિપત્ર મુજબ ઈન્ટર્ન તબીબોને મળવાપાત્ર રૂ.




12,600ના સ્ટાઈપેન્ડ સામે માત્ર રૂ. 5,200 ચૂકવાતા હોવાથી નિયમ મુજબ વધારો કરવાની માંગ કરવામાં આવી છે. યુનિવર્સિટીની મૌખિક પરીક્ષામાં ભેદભાવ અને અમુક વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરી નાપાસ કરાતા હોવાના આક્ષેપ સાથે પારદર્શિતા લાવવા, કોલેજમાં આધુનિક પ્રયોગશાળા, પુસ્તકાલય અને પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવવા તેમજ ગર્લ્સ હોસ્ટેલમાં ભોજન, પીવાના પાણી અને સ્વચ્છતાની સુવિધાઓ સુધારવા પણ રજૂઆત કરવામાં આવી હતી. એબીવીપીએ કોલેજ તંત્રને સાત દિવસનો સમય આપી ચેતવણી આપી છે કે જો સમયમર્યાદામાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી કોલેજ પ્રશાસનની રહેશે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી સાવલી પોલીસ પણ કોલેજ ખાતે પહોંચી હતી.

કાયમી ઉકેલ ન આવતા સ્થાનિકોમાં રોષ

લાલબાગ કુંભારવાડાના ૩૦થી વધુ ઘરોમાં ગટરનું ગંદુ પાણી ભરાયું

વડોદરા શહેરના લાલબાગ કુંભારવાડા વિસ્તારમાં ડ્રેનેજ અને ગટરની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વોર્ડ નંબર ૧૩ અંતર્ગત આવતા આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગટરનું ગંદુ પાણી આશરે ૩૦ થી ૪૦ જેટલા ઘર અને બેઝમેન્ટમાં ફરી વળ્યું છે, જેના કારણે સ્થાનિકોનું જીવન મુશ્કેલ બન્યું છે. સ્થાનિક રહેવાસી જયેશભાઈ માછીના જણાવ્યા અનુસાર, આ સમસ્યાના નિવારણ માટે અગાઉ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. અગાઉ રજૂઆત કર્યા બાદ નગર પાલિકા દ્વારા જેસીબી મોકલીને ગટર સાફ કરાવવામાં આવે છે અને



ચાર દિવસમાં પરિસ્થિતિ સુધરી જશે તેવું આશ્વાસન અપાય છે, પરંતુ ચાર દિવસ વીત્યા બાદ ફરીથી ગટરો છલકાવા લાગે છે અને પરિસ્થિતિ જૈ કી તૈ થઈ જાય છે. તંત્ર દ્વારા માત્ર ટૂંકા ગાળાની રાહત આપી સંતોષ માનવામાં આવે છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. તહેવારો દરમિયાન પણ ઘરોમાં ગટરનું પાણી ભરાયેલું રહેશે તો તેઓ તહેવારો કેવી રીતે ઉજવશે? તે ચર્ચાનો વિષય છે.

નાના કરાળા ગામે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું

નવરાત્રિની પૂજાવિધિમાં વ્યસ્ત બ્રાહ્મણના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

દરવાજાનો નકુચો કાપી તસ્કરો ઘરમાં ઘૂસ્યા, ચાંદીના 15 સિક્કા અને 15 ગાયની મૂર્તિઓ સહિત સોના-રોકડ લઈ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.2
વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના નાના કરાળા ગામે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ.3.79 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. નવરાત્રિ દરમિયાન કર્મકાંડ અને પૂજાપાઠની વિધિઓમાં વ્યસ્ત રહેતા યજમાનના મકાનમાં ત્રણ અજાણ્યા તસ્કરોએ રાત્રિના સમયે દરવાજાનો નકુચો કાપીને પ્રવેશ કર્યો હતો. ઘરમાં મૂકેલી તિજોરી ફંફોસીને સોના-ચાંદીના દાગીના, મૂર્તિઓ અને રોકડ રકમ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સિનોર પોલીસે તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. શિનોર તાલુકાના નાના કરાળા ગામના બ્રાહ્મણ ફળિયામાં રહેતા મેહુલકુમાર નંદકિશોર જોશી કર્મકાંડનો વ્યવસાય કરે છે. ગત તા. 16 ઓક્ટોબરની રાત્રે આઠથી 17 ઓક્ટોબરની સવારે છ વાગ્યા દરમિયાન તેમના મકાનને ત્રણ અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો કોઈ હથિયાર વડે કાપી નાખ્યો હતો અને તાળું દૂર કરીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ઘરમાં રાખેલી તિજોરીનો સામાન વેરવિખેર કરી તેના ડ્રોઅરમાંથી ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરો ચાંદીના 15 સિક્કા અને ચાંદીની 15 નાની ગાયની મૂર્તિઓ, જેનું કુલ વજન આશરે 400 ગ્રામ અને કિંમત રૂ.40 હજાર થાય છે, તે ઉપરાંત રૂ.1.64 લાખ રોકડા, આશરે 16 ગ્રામ વજનના બે સોનાનાં મંગળસૂત્ર જેની કિંમત રૂ.1.70 લાખ તથા સોનાનો ઢોળ ચઢાવેલી માતાજીની મૂર્તિ કિંમત રૂ.5 હજાર મળી રૂ.3.79 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મેહુલકુમાર જોશી નવરાત્રિ દરમિયાન અનુષ્ઠાન, પૂજાપાઠ અને કર્મકાંડની વિધિઓમાં વ્યસ્ત હોવાથી તે સમયે પોલીસ ફરિયાદ નોંધાવવા જઈ શક્યા નહોતા.
આખરે 1 નવેમ્બરના રોજ તેમણે શિનોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.